# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-05-2026 Day : Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા** વાંચે છે.

---

## PM UAE – MOU :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અબુ ધાબીમાં સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાતચીત કરી. તેઓ યુએઈ અને યુરોપને આવરી લેતા પાંચ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં ગઈકાલે સવારે યુએઈ પહોંચ્યા હતા.

વિમાનમથક પર UAEના રાષ્ટ્રપ્રમુખ દ્વારા તેમનું ઔપચારિક સ્વાગત કરાયું. બંને નેતાએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ સાથે જોડાયેલા વૈશ્વિક પુરવઠા વિક્ષેપો વચ્ચે ઉર્જા સહયોગ અને દ્વિપક્ષીય વેપારમાં વધારો અંગે ચર્ચા કરી હતી. તેમના પ્રારંભિક સંબોધનમાં, શ્રી મોદીએ યુએઈ પર તાજેતરના હુમલાઓની સખત ટીકા કરી, તેમને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યા હતા.

-------------------------------------------------------------------------------------------

## મંત્રીમંડળની બેઠક :

રાજ્ય સરકારે નાગરિકોને બિનજરૂરી સંગ્રહખોરી અને ગભરાટમાં આવીની ખરીદી ન કરવા અપીલ કરી.

સરકારી કર્મચારીઓને ઇલેક્ટ્રિક અથવા હાઈબ્રિડ વાહન તેમજ જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. જ્યારે જરૂરિયાત મુજબ વર્ક ફ્રોમ હોમ એટલે કે, ઘરેથી કામ કરવાનો નિર્ણય લેવા દરેક વિભાગના વડાને સુચના આપવામાં આવી છે.

શ્રી વાઘાણીએ વધુમાં કહ્યું, મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના પેટ્રોલ અને ડીઝલના જથ્થાની દેખરેખની જવાબદારી મુખ્યસચિવને સોંપવા તેમજ આગામી છ મહિનામાં તમામ સરકારી કૅન્ટિનમાં પાઈપ્ડ ગેસ જોડાણ – PNG ફરજિયાત બનાવવાનો પણ નિર્ણય કરાયો છે.

-----------------------------------------------------------------------------------------

## કચ્છમાં પરંપરાગત સમૂહ લગ્નોત્સવનું આયોજન :

પ્રાંથળીયા આહિર સમાજ દ્વારા વૈશાખ મહિનાની અંધારી તેરસના શુભ દિવસે કચ્છમાં પરંપરાગત સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલ 177 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

આ સમૂહ લગ્નો કચ્છના વિવિધ ગામોમાં યોજાયા હતા. કણખોઈ, રામવાવ, ચોબારી અને કુડા જામપરમાં  યુગલોના લગ્ન સંપન્ન થયા હતા.અંધારી તેરસના દિવસે આહિર સમાજ દ્વારા લગ્નોને એક સાથે મહોત્સવ તરીકે ઉજવવામાં આવે છે, જેમાં લગ્નગીતો અને ભાતીગળ સંસ્કૃતિની ઝલક જોવા મળે છે. આ પરંપરા સમાજની એકતા અને સંસ્કૃતિનું પ્રતીક છે.

-----------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં પાસપોર્ટ સેવાઓ માટે મોબાઇલ વાન આવશે :

ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા પાસપોર્ટ સેવાઓને વધુ સરળ અને છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવા માટે એક મહત્ત્વની પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત ક્ષેત્રિય પાસપોર્ટ કચેરી-અમદાવાદ દ્વારા આગામી તા. 20થી 22 મે દરમ્યાન ગાંધીધામ ખાતે પાસપોર્ટ સેવા મોબાઇલ વાન તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે. શહેરની મામલતદાર કચેરી ખાતે આ મોબાઇલ વાન સેવા શરુ કરવામાં આવશે. જ્યાં લોકો નવા પાસપોર્ટ માટેની અરજીઓ જમા કરાવી શકશે. જે અરજદારોએ પહેલેથી જ એપોઇન્ટમેન્ટ લીધેલી છે, તેઓ પણ આ મોબાઇલ વાન માટે પોતાની એપોઇન્ટમેન્ટ રિ-શિડયુલ (ફરીથી નિર્ધારિત) કરી શકશે.

-----------------------------------------------------------------------------------------

## IPL :

આઈ પી એલની મેચમાં ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચે આજે મુકાબલો થશે. આ મેચ આજે સાંજે સાડા સાત વાગ્યે કોલકતાના ઇડન ગાર્ડન પર શરૂ થશે. પોઇન્ટ ટેબલમાં 12માં થી 8 મેચ જીતી ગુજરાતની ટીમ બીજા સ્થાને છે જ્યારે કોલકતાની ટીમ 11 માં થી 4 મેચ જીતી આઠમાં સ્થાને છે.

---

## સરહદ ડેરી દ્વારા દૂધના ખરીદ ભાવમાં વધારો :

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ એટલે કે સરહદ ડેરી દ્વારા દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે 10 રૂપિયાનો ઐતિહાસિક વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિર્ણય અનુસાર, આગામી તારીખ 16 મે 2026થી પશુપાલકોને પ્રતિ કિલો ફેટે 830 રૂપિયા ચૂકવવામાં આવશે.

આ ભાવ વધારાને કારણે જિલ્લાના દૂધ ઉત્પાદકોને દર મહિને અંદાજે 1 કરોડ રૂપિયાની વધારાની આવક થશે, જે ઉનાળાની કપરી પરિસ્થિતિમાં પશુપાલકો માટે મોટી રાહત સમાન છે.

---

## હવામાન :

રાજ્યમાં આગામી 48 કલાક બાદ ગરમીમાંથી રાહત મળી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, આગામી દિવસોમાં રાજ્યનું વાતાવરણ સુકું રહેશે. તેમ છતાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવાની શક્યતા છે.

કંડલા (એ.)ને આવરી લેતા અંજાર-ગાંધીધામ વિસ્તારમાં મહત્તમ તાપમાન 43.2 ડિગ્રીથી નીચે ઊતરી 40.2 ડિગ્રીએ પહોંચ્યું હતું, તો જિલ્લા મથક ભુજમાં અઢી ડિગ્રીના ઘટાડા સાથે 38 ડિગ્રીએ પહોંચ્યું હતું.

મોડી સાંજ બાદ પવનમાં થોડી ઠંડક જોવા મળતાં ઉકળાટથી ત્રસ્ત લોકો ટાઢક મેળવવા માટે ટહેલવા નીકળેલા જોવા મળ્યા હતા. મેના અંતિમ સપ્તાહમાં કચ્છ-ગુજરાતમાં પ્રિ-મોન્સૂન ગતિવિધિ શરૂ થાય તેવા સંકેતો મળ્યા છે. આ વખતે કચ્છ-ગુજરાતમાં પાછોતરા વરસાદનું જોર રહે તેવી શક્યતાઓ પણ હવામાન નિષ્ણાતો દેખાડી રહ્યા છે

---------------------------------------------------------------------------------------------------